છ વેપારી અને બે દલાલો દ્વારા કાપડ વેપારી સાથે રૂ.19 .47 લાખની ઠગાઈ

45થી 50 દિવસમાં પેમેન્ટ ચૂકવવાની ખાતરી આપી અલગ-અલગ શહેરોના વેપારીઓએ કાપડનો માલ મંગાવ્યો; દલાલોએ રેફરન્સ આપી વિશ્વાસ સંપાદિત કર્યો

સુરતઃ સારોલીના સંગીની ટેક્સટાઈલ હબ ખાતે કાપડનો વેપાર કરતા વેપારી સાથે રૂ.19.47 લાખની છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. બે દલાલોએ 45થી 50 દિવસમાં પેમેન્ટ ચૂકવી આપવાની ખાતરી આપી વિવિધ શહેરોના વેપારીઓ સાથે પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ છ વેપારીઓએ ગારમેન્ટ ફેબ્રિક્સનો માલ મંગાવી સમયમર્યાદામાં નાણાં ચૂકવ્યાં ન હતાં. આ મામલે કુલ છ વેપારી અને બે દલાલ સામે સારોલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

વેસુ ખાતે સંગીની સોલિટિયરમાં રહેતા કમલકિશોર ભગવાનદાસ ઝવર સારોલીના સંગીની ટેક્સટાઈલ હબમાં 'હોનેસ્ટી એનએક્સ' નામે કાપડનો વેપાર કરે છે. એસ.કે. ટેક્સટાઈલ એજન્સીના વહીવટકર્તા અને દલાલ રૂપેશ રાજપાલ તથા રોહિત તેલપુરીયા ઉર્ફે સિદ્ધાર્થ જૈન (બંને રહે.,વર્લ્ડ ટ્રેડ સેન્ટર, ઉધના દરવાજા)એ તેમનો સંપર્ક કર્યો હતો. બંનેએ 45થી 50 દિવસમાં પેમેન્ટ ચૂકવી આપવાની ખાતરી આપી સુરત તેમજ બહારગામના વેપારીઓનાં રેફરન્સ આપીને વિશ્વાસ સંપાદિત કર્યો હતો. ત્યારબાદ અલગ-અલગ શહેરોના વેપારીઓ સાથે કાપડનો વેપાર શરૂ કરાવ્યો હતો. દરમિયાન તેલંગાણાના સિકંદરાબાદના સાગર ખેમાણીએ 'એકે એન્ટરપ્રાઈઝ'ના નામે રૂ.2,06,697નો કાપડનો માલ મેળવ્યા બાદ એકપણ રૂપિયો ચૂકવ્યો નહોતો. મુંબઈના કાલબાદેવી રોડ સ્થિત 'હરિઓમ ટેક્સટાઈલ્સ'ના મનીષભાઈ ધીરેજલાલ પાલા અને વહીવટકર્તા ઉમેશ વર્ણજાનીએ રૂ.8,42,431નો માલ મેળવી ચૂકવણું કર્યું નહોતું. હૈદરાબાદના 'રોયલ ક્રિએશન'ના મોહમ્મદ અકરમે રૂ.5,39,690નો માલ મંગાવી પેમેન્ટ બાકી રાખ્યું હતું. જ્યારે 'શ્રી કાર્તિકેય સિલ્ક'ની ઉત્તલા નિર્મલાએ રૂ.2,67,638નો માલ મેળવી નાણાં ચૂકવ્યાં નહોતાં. હૈદરાબાદના 'સ્વાસ્તિક ટ્રેડર્સ'ના આનંદ કૈલાસ ચૌધરીએ રૂ.1,15,959ના માલ સામે માત્ર રૂ.25,011 ચૂકવી બાકીના રૂ.90,948નું ચૂકવણું કર્યું નહોતું. આમ, છ વેપારીએ દલાલોની મદદથી કુલ રૂ. 19,47,404નો કાપડનો માલ મેળવી નાણાં નહીં ચૂકવતાં વેપારી સાથે છેતરપિંડી થયાની ફરિયાદ નોંધાઈ છે.

પૂણામાં ચા-નાસ્તાના બાકી નાણાં માંગતા તોડફોડ કરી રૂ.5000ની લૂંટ

રાજીવનગર ખાતે બાપા સીતારામ ચા સેન્ટર પર અગાઉના બાકી નાણાં માંગતા આરોપીએ તોડફોડ કરી માથામાં ઈજા પહોંચાડી

સુરતઃ સુરતના પૂણાગામ રાજીવનગર વિસ્તારમાં આવેલી 'બાપા સીતારામ ચા સેન્ટર' નામની ટપરી ચલાવતા અને એકે રોડ પર મોતીનગરમાં રહેતા મંછારામ પ્રકાશજી પાનીવલ નામના ગરીબ વેપારી પાસે અગાઉના ચા-નાસ્તાના બાકી નાણાં માંગવા બાબતે એક શખ્સે ઘાતકી હુમલો કર્યો હતો.

ગત તા. 05 નવેમ્બર 2026ના રોજ સવારે રાજીવનગરમાં રહેતો સંતોષ ઉર્ફે કાળુ રમેશભાઈ વસાવા મોપેડ લઈને ટપરી પર આવ્યો હતો અને ફરી ચા-નાસ્તો માંગ્યો હતો. મંછારામભાઈએ જૂના બાકી નાણાં માંગતા અને ચા આપવાની ના પાડતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો.

આરોપીએ છરી બતાવી ટપરીમાં તોડફોડ કરી હતી અને ગલ્લામાંથી રૂપિયા કાઢવાનો પ્રયાસ કરતા વેપારીએ વિરોધ કર્યો હતો. જેથી રોષે ભરાયેલા આરોપીએ દુકાન પર પડેલી કાચની બરણી મંછારામભાઈના માથામાં જોરથી મારી ગંભીર ઈજા પહોંચાડી હતી અને ગલ્લામાંથી આશરે 5,000 રૂપિયા રોકડા લૂંટીને નાસી છૂટ્યો હતો. બાજુના વેપારીએ 112 પર ફોન કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને લોહીથી લથપથ વેપારીને સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં તેમને માથામાં ત્રણ ટાંકા આવ્યા હતા. આ મામલે પૂણા પોલીસે ત્વરિત કાર્યવાહી કરી લૂંટ, મારઝૂડ અને ધમકીનો ગુનો નોંધી આરોપી સંતોષ વસાવારીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ક્રિપ્ટોકરન્સીને સાચવતા બાઈનાન્સના વોલેટમાંથી ૬.૩ અબજ ડોલરની ચોરી થઈ ગઈ



છેલ્લા દસકામાં બિટકોઈન જેવી ક્રિપ્ટોકરન્સીમાં રોકાણકારોને ભારે નફો થયો હોવાથી ઘણાં લોકો પોતાની જિંદગીભરની કમાણી તેમાં લગાડી રહ્યાં છે. હકીકતમાં ક્રિપ્ટોકરન્સી માત્ર કોમ્પ્યુટરનું સોફ્ટવેર છે, જેને આપણે હાથમાં લઈ શકતાં નથી કે ખિસ્સામાં રાખી શકતા નથી. જો કોઈ કારણસર ઇન્ટરનેટ બંધ થઈ જાય તો આપણા બિટકોઈનનું મૂલ્ય શૂન્ય થઈ શકે છે. લોકો બિટકોઈનમાં આટલા મોટા પાયે રોકાણ કરી રહ્યાં છે, તેનું મુખ્ય કારણ એ છે કે બિટકોઈનને હેક કરી શકાતો નથી, પણ આ કારણ હવે સવાલના ઘેરામાં આવી ગયું છે. ક્રિપ્ટોકરન્સીને કદાચ હેક નહીં કરી શકાતી હોય, પણ ક્રિપ્ટોકરન્સીને જે લોકરમાં સંઘરવામાં આવે છે, તેને હેક કરી શકાય છે. AIની શોધ સાથે આ હેકિંગની સંભાવના ઓર વધી ગઈ છે. તાજેતરમાં વિશ્વના સૌથી મોટા ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ બાઈનાન્સને હેક કરવામાં આવ્યું છે અને તેમાંથી અંદાજે ૬.૩ અબજ ડોલર અથવા આશરે ૬૦,૦૦૦ કરોડ રૂપિયાની રકમની ચોરી થઈ છે. બ્લોકચેન રિસર્ચ ફર્મ TRM લેબ્સે તો એવો દાવો કર્યો છે કે આ ચોરી ઉત્તર કોરિયાના હેકર્સ દ્વારા કરવામાં આવી હતી.

બાઈનાન્સના ૧૦૦ થી વધુ દેશોમાં ૩૦ કરોડથી વધુ નોંધાયેલાં વપરાશકર્તાઓ છે. એવો અંદાજ છે કે તેમાં ૨૦ થી ૨૫ લાખ ભારતીય વપરાશકર્તાઓ પણ નોંધાયેલા છે. એક હેકરે બાઈનાન્સની સુરક્ષા વ્યવસ્થા તોડીને તેની સિસ્ટમમાં પ્રવેશ કર્યો હતો અને એક જ ઝપાટામાં હજારો કરોડ રૂપિયાના ક્રિપ્ટોકોઈન્સ ચોરી લીધા હતા. હેકિંગની જાણ થયા પછી બાઈનાન્સે તાત્કાલિક ગ્રાહકોના ક્રિપ્ટોકરન્સીના ઉપાડને અટકાવી દીધો હતો, જેથી ચોરો વધુ પૈસા ઉપાડી ન શકે. બાઈનાન્સ કંપનીએ એમ પણ કહ્યું કે આગામી ૪૫ કલાકમાં ઉપાડ પરના પ્રતિબંધો હટાવી લેવામાં આવશે અને તેમના ગ્રાહકોનાં ભંડોળો સુરક્ષિત છે. જો કોઈ ગ્રાહકને કોઈ નુકસાન થાય તો કંપની તેમને વળતર આપશે. વધુમાં, કંપનીની સુરક્ષા ટીમ અને સાયબર નિષ્ણાતો હેકર્સનો પીછો કરવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે. આ ચોરીને ક્રિપ્ટોના ઇતિહાસમાં સૌથી મોટી ચોરી માનવામાં આવે છે, પરંતુ તેવી ચોરી અગાઉ થઈ ચૂકી છે. ૨૦૨૫ માં બાયબિટ પરથી ૧.૫ અબજ ડોલરની ચોરી થઈ હતી. તે પછી રોનિન નેટવર્કમાંથી ૬ કરોડ ડોલરની ચોરી થઈ હતી.

બાઈનાન્સ એ વિશ્વનું સૌથી મોટું ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ છે. સરળ શબ્દોમાં કહીએ તો, તે ડિજિટલ કરન્સી માટેનું એક ઓનલાઈન માર્કેટપ્લેસ છે. જેમ લોકો શેરબજારમાં શેર ખરીદે છે અને વેચે છે, તેવી જ રીતે બાઈનાન્સ પર બિટકોઈન, Ethereum અને અન્ય ક્રિપ્ટોકરન્સીનો વેપાર થાય છે. વપરાશકર્તાઓ તેમની ક્રિપ્ટો સંપત્તિઓ જમા કરી શકે છે, તેમને એક ચલણમાં રૂપાંતરિત કરી શકે છે અને તેમનો વેપાર કરી શકે છે. બાઈનાન્સ ૨૦૧૭ માં લોન્ચ કરવામાં આવ્યું હતું અને વિશ્વભરમાં તેના ૩૦ કરોડથી વધુ નોંધાયેલા વપરાશકર્તાઓ છે. આટલી મોટી સંખ્યામાં વપરાશકર્તાઓના વ્યવહારોને હેન્ડલ કરવા માટે એક્સચેન્જે ડિજિટલ વોલેટ અને અન્ય તકનીકી સિસ્ટમોનો ઉપયોગ કરે છે. આ સિસ્ટમોમાંથી એક હોટ વોલેટ છે. આ ઇન્ટરનેટ-કનેક્ટેડ ડિજિટલ વોલેટ છે, જે એક્સચેન્જને વપરાશકર્તાઓની ડિપોઝિટ અને ઉપાડની વિનંતીઓ પર પ્રક્રિયા કરવાની મંજૂરી આપે છે. આ વોલેટ આ સાયબર હુમલાનો મુખ્ય ઘટક બન્યો હતો.

આ હુમલો ૨૯ ઓક્ટોબરના રોજ થયો હતો. હેકર્સ જાણતા હતા કે બાઈનાન્સના મુખ્ય સર્વર્સ અથવા બ્લોકચેનના મુખ્ય માળખાંમાં પ્રવેશ કરવો અશક્ય છે. તેથી, તેઓએ આંતરિક માર્ગનો ઉપયોગ કર્યો હતો. બાઈનાન્સની સિસ્ટમ પર સીધો હુમલો કરવાને બદલે હેકર્સે કંપનીના DevOps એન્જિનિયરના લેપટોપ સાથે ચેડાં કર્યાં હતાં. આ ચેડાં થયેલા લેપટોપે હેકર્સને બાઈનાન્સના સર્વિસ કન્ટેનર સુધી પહોંચ આપી હતી. તેઓએ EIP-૭૭૦૨ નામના સ્માર્ટ કોન્ટ્રાક્ટ પ્રોટોકોલનો ઉપયોગ કર્યો હતો. તેઓએ બાઈનાન્સ વોલેટને

ટુધ પોઇન્ટ ■ સંજય વોરા ■

સ્વીપરમાં રૂપાંતરિત કર્યું, જેનાથી બધાં ભંડોળ બીજાં ખાતાંમાં ટ્રાન્સફર થઈ ગયાં હતાં. સિસ્ટમ તેને શોધી શકે તે પહેલાં હેકર્સે માત્ર ૩ મિનિટ અને ૨૪ સેકન્ડમાં ૧,૬૭,૪૬૪ થી વધુ ઇથેરિયમ અને ૬૩ અન્ય ટોકન્સ ગેરકાયદેસર રીતે ઉપાડી લીધા હતા, જેમાં ૧.૬ અબજ સ્ટેબલ કોઇન્સનો સમાવેશ થાય છે. આ હેકથી વિશ્વભરના સાયબર નિષ્ણાતો ચોંકી ગયા છે, કારણ કે તેમાં બાહ્ય સિસ્ટમની નબળાઈ નથી, પરંતુ આંતરિક નિષ્ફળતાનું ભયાનક ઉદાહરણ છે. આ હેકિંગની ઘટના પણ આઘાતજનક છે, કારણ કે ક્રિપ્ટોકરન્સીનું સંચાલન કરતી સંસ્થાઓ અભેદ્ય કિલ્લાઓ જેવા મજબૂત સુરક્ષા પગલાંઓનો ઉપયોગ કરે છે. સૌથી મોટી ખામી એ હતી કે એક સાદું લેપટોપ હેક કરવામાં આવ્યું હતું, જેનાથી સમગ્ર સિસ્ટમની એક્સેસ મળી ગઈ હતી. બાઈનાન્સની ટીમ હેકર્સને ઓળખવા અને બાકીના ભંડોળને પુનઃપ્રાપ્ત કરવા માટે તપાસ એજન્સીઓ સાથે ચોવીસ કલાક કામ કરી રહી છે. બાઈનાન્સ કંપનીએ તપાસ પૂર્ણ થયા પછી અને પરિસ્થિતિ સામાન્ય થઈ ગયા પછી વિગતવાર ટેકનિકલ પોસ્ટ-મોર્ટમ રિપોર્ટ અને અનામતના નવા પુરાવા પ્રકાશિત કરવાનું વચન આપ્યું છે, જે આ બાબતની સંપૂર્ણ ટેકનિકલ સત્યતા વિશ્વ સમક્ષ જાહેર કરશે. આ ઘટના બાદ ક્રિપ્ટોનાં રોકાણકારો હવે પ્રશ્ન કરી રહ્યા છે કે તેમાં રોકાણ કરવું કેટલું સલામત છે. ટેક કંપનીઓ શૂન્ય-વિશ્વાસ નીતિ હેઠળ કાર્ય કરે છે. આનો અર્થ એ થાય છે કે કોઈના પર આંધળો વિશ્વાસ ન કરવો, પોતાનાં કર્મચારીઓ પર પણ નહીં. જો કે, DevOps એન્જિનિયર પાસે એટલી બધી સત્તા હતી કે સિસ્ટમે તેના લેપટોપમાંથી મળેલા આદેશોને બહુવિધ મંજૂરીઓ વિના માન્ય તરીકે સ્વીકાર્યા હતા. જ્યારે સિસ્ટમમાંથી અચાનક ૬.૩ અબજ ડોલરની મોટી રકમ નીકળી રહી હતી, ત્યારે બાઈનાન્સની ઓટોમેટેડ રિસ્ક મોનિટરિંગ (AI) સિસ્ટમે તેને થોડીક સેકન્ડોમાં બંધ કરી દેવી જોઈતી હતી. આ સિસ્ટમના સક્રિયકરણમાં વિલંબને એક મોટી સુરક્ષા નિષ્ફળતા માનવામાં આવે છે. આ હેકથી ક્રિપ્ટો માર્કેટ હચમચી ગયું છે. આ ઘટનાને કારણે બિટકોઇન ૭૯,૦૦૦ ડોલરથી નીચે આવી ગયું અને લાખો ડોલરનું લિક્વિડેશન થયું છે. બાઈનાન્સ અને તપાસ એજન્સીઓએ અત્યાર સુધીમાં ઘણાં મોટાં પગલાં લીધાં છે. રોકાણકારોનો મુખ્ય ડર એ છે કે તેમની થાપણો ચોરાઈ જશે. બાઈનાન્સ અને તેના ભૂતપૂર્વ CEO ચેંગપેંગ ઝાઓએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે તેમના વપરાશકર્તાઓનાં ભંડોળ સંપૂર્ણપણે સુરક્ષિત છે. કંપનીએ ગ્રાહકોને ગુમાવેલા પૈસા માટે ૧૦૦ ટકા વળતર આપવાનું વચન આપ્યું છે.

ઉત્તર કોરિયાના હેકિંગ જૂથોનો ડિજિટલ ચોરીનો લાંબો ઇતિહાસ છે. ૨૦૧૪માં સોની પિક્ચર્સ ટેલિવિઝન પર થયેલા સાયબર હુમલા પાછળ પણ લાઝારસ ગ્રુપનો હાથ હતો. કિમ જોંગ ઉનની મજાક ઉડાવતી હોલીવુડ ફિલ્મ ધ ઇન્ટરવ્યુના વિરોધમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. ફેબ્રુઆરી ૨૦૨૫માં FBI એ બાયબિટ ક્રિપ્ટો એક્સચેન્જમાંથી ૧.૫ અબજ ડોલર મૂલ્યના ક્રિપ્ટોની ચોરી માટે તે જ ટ્રેડર ટ્રેટર યુનિટને દોષી ઠેરવ્યો હતો. સાયબર હુમલા હવે પાસવર્ડ ચોરી કરવા અથવા વેબસાઇટ બંધ કરવા સુધી મર્યાદિત નથી. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી હુમલાખોરો વધુ ઝડપથી નકલી ઓળખ, ફિશિંગ સંદેશાઓ અને તકનીકી હુમલાઓ કરી શકે છે. આ ઘટના બાદ ભારતમાં તેની અસર દેખાવા લાગી છે. CoinDCX એ અસ્થાયી રૂપે તેના ફ્યુચર્સ ટ્રેડિંગને રિડ્યુસ-ઓન્લી મોડમાં મૂક્યું છે. આનો અર્થ એ છે કે ગ્રાહકો તેમની હાલની પોઝિશન ઘટાડી અથવા બંધ કરી શકે છે, પરંતુ નવી પોઝિશન ખોલી શકતા નથી. જો કે, કંપનીએ જણાવ્યું હતું કે પ્લેટફોર્મ પર ડિપોઝિટ અને ઉપાડ ઉપલબ્ધ રહેશે. આ નિર્ણય મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે દર્શાવે છે કે મુખ્ય વૈશ્વિક એક્સચેન્જમાં સમસ્યાઓ ભારતીય પ્લેટફોર્મ સુધી પહોંચી શકે છે. લિમિનલના અધિકારીએ જણાવ્યું હતું કે ભારતીય ક્રિપ્ટો એક્સચેન્જોનો બાઈનાન્સ સાથે કોઈ પ્રકારનો સંબંધ છે. આ ઘટના કંપનીઓની કામગીરી ચાલુ રાખવા અને જોખમનું સંચાલન કરવાની ક્ષમતાની કસોટી છે. સરળ શબ્દોમાં કહીએ તો, ભારતીય એક્સચેન્જ તેના ગ્રાહકો પાસેથી ઓર્ડર લે છે, પરંતુ તે ઓર્ડર પૂરા કરવા માટે તેમને મોટા વૈશ્વિક બજારના સમર્થનની જરૂર પડી શકે છે. જો તે બજાર અચાનક બંધ થઈ જાય તો તે તેમની સિસ્ટમ પર દબાણ લાવી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

બાઈનાન્સના ૧૦૦ થી વધુ દેશોમાં ૩૦ કરોડથી વધુ નોંધાયેલાં વપરાશકર્તાઓ છે. એવો અંદાજ છે કે તેમાં ૨૦ થી ૨૫ લાખ ભારતીય વપરાશકર્તાઓ પણ નોંધાયેલાં છે

અનુસંધાન ... પાના પહેલાનું

ધનતેરસે રૂ. 60000...

જ રહેવાની શક્યતા છે, કારણ કે સોનાના ભાવ હજુ પણ ગયા વર્ષના સ્તર કરતાં નોંધપાત્ર રીતે ઊંચા છે. દિવાળીના બે દિવસ પહેલા આવતી ધનતેરસને હિન્દુ પંચાંગમાં કિંમતી ધાતુઓની ખરીદી માટે સૌથી શુભ દિવસ માનવામાં આવે છે. રોકડેએ પીટીઆઈને જણાવ્યું હતું કે, "અમારા પ્રારંભિક આંકડા અનુસાર, ધનતેરસના અવસરે સમગ્ર ભારતમાં કુલ સોનાનો વ્યવસાય લગભગ રૂ. ૬૦,૦૦૦ કરોડ થવાનો અંદાજ છે." દેશની રાજધાનીમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ ૨૯ જાન્યુઆરીના રોજ રૂ. ૧,૮૩,૦૦૦ની રેકોર્ડ સપાટીએ હતો, જે હાલમાં શુક્રવાર મુજબ ૨૦ ટકા ઘટીને રૂ. ૧,૪૬,૩૦૦ પ્રતિ ૧૦ ગ્રામ છે, છતાં આ ભાવ ગયા વર્ષે ૧૮ ઓક્ટોબરે ધનતેરસના દિવસે નોંધાયેલા રૂ. ૧,૩૨,૪૦૦ કરતાં વધુ છે. ચાંદીના ભાવ પણ ૨૯ જાન્યુઆરીના રૂ. ૪,૦૪,૫૦૦ પ્રતિ કિલોના ઉચ્ચતમ સ્તરથી ૫૨.૪ ટકા ઘટીને રૂ. ૧,૯૨,૫૦૦ થયા છે, પરંતુ તે હજુ પણ ગયા વર્ષે ધનતેરસે નોંધાયેલા રૂ. ૧,૭૦,૦૦૦ પ્રતિ કિલો કરતાં વધુ છે. છેલ્લા ૪ થી ૬ મહિનામાં સોનાના ભાવ શાંત થતાં રિટેલર્સનું સેન્ટિમેન્ટ સુધર્યું છે. GJC અપેક્ષા રાખે છે કે ચાંદીનું વેચાણ મૂલ્યની દ્રષ્ટિએ ૩૦ ટકા અને જથ્થાની દ્રષ્ટિએ ૧૦ ટકા વધશે. GJCના વાઇસ ચેરમેન અવિનાશ ગુપ્તાએ જણાવ્યું હતું કે ગયા વર્ષની સરખામણીએ જ્વેલરી શોરૂમ્સમાં લોકોની અવરજવર વધુ હતી અને અગાઉથી થયેલા મજબૂત બુકિંગથી વેપારને ટેકો મળ્યો હતો. પશ્ચિમ અને ઉત્તર ભારતના બજારોમાં વધુ ગતિવિધિ જોવા મળી હતી.

દિલ્હીમાં વાહનોને...

વર્તમાન પગલાંની અસરકારકતા પર સવાલ ઉઠાવ્યા હતા. બેંચે ગાઝિયાબાદ, ગ્રેટર નોઇડા, ગુરુગ્રામ અને સહિતના પડોશી વિસ્તારો સાથે દિલ્હીને જોડતા રસ્તાઓ પર મોટી સંખ્યામાં અવરજવર કરતા વાહનો તરફ ધ્યાન દોર્યું હતું. "આ તમામ પગલાં છતાં, પ્રદૂષણ વારંવાર કેમ થઈ રહ્યું છે? શું આ માત્ર વાહનોની અવરજવરને કારણે છે, પછી ભલે તેમાં પેટ્રોલ કે ડીઝલ કોઈપણ ગુણવત્તાનું બળતણ વપરાતું હોય?" CJIએ પૂછ્યું હતું અને ઉમેર્યું હતું કે તમામ પગલાં હોવા છતાં AQI 400ને સ્પર્શી રહ્યો છે. CJIએ ખેડૂતો પાસેથી પૂર્વ-નિર્ધારિત દરે કૃષિ અવશેષો ખરીદવાની વ્યવસ્થા વિકસાવવાનું સૂચન કર્યું હતું જેથી તેઓ પરાળને સળગાવવાને બદલે તેમાંથી કમાણી કરી શકે.

વિવિધ કંપનીઓમાં...

22.6 ટકા, HPCLના અન્ય સેમ્પલમાં 22.4 ટકા તેમજ IOCLના સેમ્પલમાં 20.8 ટકા ઇથેનોલ નોંધાયું હતું. મોટર સ્પીરીટ વર્ગમાં બાકીના સેમ્પલોમાં નાયારાના પેટ્રોલમાં 20.6 ટકા, BPCLના એક સેમ્પલમાં 19.9 ટકા, MRPLના સેમ્પલમાં 19.2 ટકા અને શેલના એક સેમ્પલમાં 13.5 ટકા ઇથેનોલનું પ્રમાણ જોવા મળ્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે અગ્રણી બળતણ કંપનીઓ પાસેથી લેવામાં આવેલા નમૂનાઓમાં ઇથેનોલનું પ્રમાણ 20 ટકાથી વધુ હોવાનું બહાર આવ્યું છે, જેમાં IOCL અને HPCLમાં અનુક્રમે 31.2 ટકા અને 30.5 ટકા સ્તર નોંધાયું છે.

SIR ડ્રાફ્ટ યાદીમાંથી...

કારણે તેમના નામ ડ્રાફ્ટ યાદીમાંથી બહાર રહી ગયા હતા. વિરોધ પક્ષો દ્વારા ચૂંટણી પંચ પર ભાજપના ઈશારે લાખો નાગરિકોના નામ કમી કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો, જ્યારે પંચે સુપ્રીમ કોર્ટની માન્યતા ટાંકીને આ પ્રક્રિયાનો બચાવ કર્યો છે. આ અભિયાન અંતર્ગત, આવા મતદારોની બૂથવાર યાદીઓ અને બાકાત રહેવાના સંભવિત કારણો સંબંધિત મતદાન મથકો અને સરકારી કચેરીઓ પર પ્રદર્શિત કરવામાં આવશે. પંચે અધિકારીઓને નિર્દેશ આપ્યો છે કે તેઓ આ મતદારોને નવા ફોર્મ પૂરા પાડે અને બૂથ લેવલ ઓફિસર્સ (બીએલઓ) દ્વારા ઘરે-ઘરે જઈને અથવા વ્હોટ્સએપ, ઈમેલ અને એસએમએસના માધ્યમથી તેમનો સંપર્ક સાધવાનો પ્રયાસ કરે. જે મતદારોએ નિવાસસ્થાન બદલ્યું નથી તેઓ ફોર્મ સાથે સ્પષ્ટતા પત્ર રજૂ કરી શકશે, જ્યારે જેઓ રાજ્યની અંદર જ બીજી જગ્યાએ સ્થળાંતર થયા તેમણે સરનામાના પુરાવા સાથે નવું ફોર્મ આપવાનું રહેશે.

વૈશ્વિક કડાકા છતાં...

ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ નિફ્ટી ૨૫,૦૮૮.૪૦ પર બંધ થયો હતો. બ્લુ-ચિપ ગ્રુપમાંથી પાવર ગ્રીડ એકમાત્ર ઘટેલો શેર હતો. છેલ્લા ત્રણ વર્ષમાં પ્રથમ વખત જોવા મળેલી આ સતત સાત દિવસની તેજીમાં, સેન્સેક્સ ૭,૭૮૧.૯૯ પોઈન્ટ અથવા ૧૦.૬૨ ટકા અને નિફ્ટી ૨,૩૩૧.૫ પોઈન્ટ અથવા ૧૦.૨૭ ટકા વધ્યો છે. ગુરુવારે, સેન્સેક્સ ૨,૦૦૮.૬૧ પોઈન્ટ અથવા ૨.૬૦ ટકાના ઉછાળા સાથે ૭૯,૩૧૦.૦૧ પર બંધ થયો હતો. નિફ્ટી ૫૭૬ પોઈન્ટ અથવા ૨.૪૦ ટકા વધીને ૨૪,૫૩૬.૬૦ પર બંધ થયો હતો. એશિયન બજારોમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી ૬.૦૨ ટકા અને જાપાનનો નિક્કેઈ 225 ઇન્ડેક્સ ૫.૯૬ ટકા ઘટ્યો હતો. શાંઘાઈનો SSE કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ૧ ટકાથી વધુ ઘટીને બંધ રહ્યા હતા. યુરોપના બજારો પણ નકારાત્મક ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા.

દિલ્હીમાં હવાની...

પાડેલો કચરો લઈ જતા વાહનોની અવરજવર પર પણ પ્રતિબંધ છે. જૂના પેટ્રોલ અને ડીઝલ ચાલિત વાહનો પણ હાલ દિલ્હીમાં ચલાવવા પર પ્રતિબંધ આ ગ્રેપ-૩ હેઠળ આવી જાય છે.

ઓઇલ કંપનીઓ...

અર્શદે જણાવ્યું હતું કે લેબોરેટરી ટેસ્ટ દરમિયાન પેટ્રોલમાં ઇથેનોલનું પ્રમાણ 31.2 ટકા જેટલું ઊંચું નોંધાયું છે.

બેંગલુરુ, કોલાર અને મંગલુરુ સહિતના વિસ્તારોમાંથી લેવાયેલા સેમ્પલ્સના શ્રીરામ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ખાતે કરાયેલા પરીક્ષણમાં 'આઈઓસીએલ'ના સેમ્પલમાં 31.2 ટકા અને 'એચપીસીએલ'ના સેમ્પલમાં 30.5 ટકા ઇથેનોલ મળી આવ્યું હતું. આ સિવાય બીપીસીએલ, નાયારા અને શેલના પેટ્રોલ સેમ્પલમાં પણ ઇથેનોલનું પ્રમાણ 20 ટકાથી વધુ હોવાનું બહાર આવ્યું છે.

સરકારે આક્ષેપ કર્યો છે કે વધુ પડતા ઈથેનોલ મિશ્રણથી વાહનોના ફ્યુઅલ પંપ, ફિલ્ટર અને એન્જિનના ભાગોને ભારે નુકસાન થાય છે તેમજ માઈલેજ પણ ઘટે છે. દેશના 99 ટકા વાહનો 20 ટકાથી વધુ ઈથેનોલ મિશ્રણ સહન કરવા માટે સક્ષમ નથી. કર્ણાટક સરકારે કેન્દ્ર સરકાર પાસે માગ કરી છે કે તમામ પેટ્રોલ પંપ પર ઈથેનોલના ટકા દર્શાવવાનું ફરજિયાત કરવામાં આવે અને પ્રભાવિત વાહનચાલકો માટે વળતર ફંડની વ્યવસ્થા કરવામાં આવે.


આ ઉપરાંત, રાજ્ય સરકારે મોટર સ્પિરિટ એન્ડ હાઈ સ્પીડ ડિઝલ ઓર્ડર, 2005 હેઠળ અધિકારીઓને આકરી કાર્યવાહી કરવાની સત્તા આપી છે. 'મિશન નિકહરા' હેઠળ સરકારે સ્પષ્ટ કર્યું છે કે પ્રજા જે ચૂકવણી કરી રહી છે તેના બદલામાં તેમને શુદ્ધ અને સાચું ઈંધણ મળે તે સુનિશ્ચિત કરવામાં આવશે. રાજ્યભરમાં પેટ્રોલ પંપો પર સતત રેન્ડમ ચેકિંગ કરવામાં આવશે અને તમામ તથ્યો સાર્વજનિક કરાશે.


ચોખા મોંઘા થતાં...

અને રાજ્યો આ અમલીકરણ પર નજર રાખશે. ચોખાનો રિટેલ ફુગાવો સપ્ટેમ્બરમાં વાર્ષિક ધોરણે વધીને 8.25 ટકા થયો હતો, જે ઓગસ્ટમાં 5.89 ટકા હતો. આ દરમિયાન સરેરાશ રિટેલ ભાવ પ્રતિ કિલો આશરે રૂ. 48.23 રહ્યો હતો, જે એક વર્ષ અગાઉ કરતાં લગભગ 12 ટકા વધુ છે. જો કે, નિષ્ણાતોનું કહેવું છે કે આ સ્થિતિ દેશવ્યાપી સંકટ સમાન નથી. અપૂરતા વરસાદને કારણે 2026-27 માટે ખરીફ ડાંગરનું વાવેતર ક્ષેત્રફળ આશરે 4 ટકા ઘટીને 42.68 મિલિયન હેક્ટર થયું હતું.

હળવા વજનની...

છે. ઘણા રિટેલર્સે વેચાણમાં નોંધપાત્ર વધારો નોંધાવ્યો હતો. સેન્કો ગોલ્ડના સીઇઓ સુવંકર સેને જણાવ્યું હતું કે લગ્નસરાના ગ્રાહકોની ભારે ભાગીદારી અને શોરૂમ્સમાં વધેલી ભીડને કારણે ગયા વર્ષની સરખામણીએ વેચાણ મૂલ્યમાં ૨૫ ટકાથી વધુનો વધારો થયો છે.

દિપાવલીનું નઝરાણું

રામાયણ
રણબીરકપુર, સાઈ પલ્લવી, સન્ની દેઓલ, યશ, રકુલપ્રિત સિંહ, અરૂણ ગોહીલ, લારા દત્તા, વિવેક ઓબેરોય, કાજલ અગ્રવાલ, કુનાલ કપુર
૧૨.૧૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૩૦, રાત્રે ૯.૩૦, ૧૦.૦૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS® ગોપીતળાવ નવસારી બજાર, સુરત

દિપાવલીનું નઝરાણું
રામાયણ
રણબીરકપુર, સાઈ પલ્લવી, સન્ની દેઓલ, યશ, રકુલપ્રિત સિંહ, અરૂણ ગોહીલ, લારા દત્તા
૯.૧૫, ૧૦.૦૦, ૧૦.૪૫, ૧.૧૫, ૨.૦૦, ૨.૪૫, ૫.૧૫, ૬.૦૦, ૬.૪૫, રાત્રે ૯.૧૫, ૧૦.૦૦, ૧૦.૪૫
થિયેટર પર અને bookmyshow.com અને Paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com
: @applecinemasurat
દિપાવલીનું નઝરાણું

રામાયણ
રણબીરકપુર, સાઈ પલ્લવી, સન્ની દેઓલ, યશ, રકુલપ્રિત સિંહ, અરૂણ ગોહીલ, લારા દત્તા, વિવેક ઓબેરોય, કાજલ અગ્રવાલ, કુનાલ કપુર
૭.૦૦, ૭.૩૦, ૮.૦૦, ૮.૩૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૦.૪૫, ૧૧.૧૫, ૧૧.૪૫, ૧૨.૧૫, ૧૨.૪૫, ૧.૩૦, ૨.૦૦, ૨.૩૦, ૩.૦૦, ૩.૩૦, ૪.૦૦, ૪.૩૦, ૫.૧૫, ૫.૪૫, ૬.૧૫, ૬.૪૫, ૭.૧૫, ૭.૪૫, રાત્રે ૮.૧૫, ૮.૩૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦
The Cat in the Hat (હિન્દી) ૧.૦૦, ૩.૦૦ | ઉડતાતીર ૫.૩૦

આજથી ભવ્ય શુભારંભ
પબ્લિક ડિમાન્ડ પર ફરીવાર સુરતમાં આપણા ચહીતા
''જાદુગર મંગલ''
દિવાળીના તહેવારમાં ધમાકેદાર જાદુઈ પરાક્રમો સાથે...
અદ્યતન લેસર લાઈટ ઈફેક્ટ અને હાઈ-ફાઈ સરાઉન્ડ સાઉન્ડ
દિવાળી વેકેશનમાં દરરોજ બે શો : સાંજે ૬.૦૦ અને રાત્રે ૯.૩૦

સાથે યુવરાજ
જાદુગર મંગલ
જાદુઈ દુનિયાનો બેતાજ બાદશાહ
સ્થળ : સરદાર સ્મૃતિ ભવન હોલ (A.C.), મિની બજાર, વરાછા, સુરત
8160469318 9879119301 ટીકીટ વેચાણ સવારે ૧૦ થી આખો દિવસ
BOOK NOW ON : bookmyshow

લુણાવાડા નગર સેવા સદન
ઇ-નિવિદા નં-૩૬૫ સને-૨૦૨૬-૨૭

ચીફ ઓફિસરશ્રી, નગર સેવા સદન, લુણાવાડા ૩૮૯૨૩૦, ફોન નં ૦૨૬૭૪ ૨૫૦૦૦૬ દ્વારા નીચે મુજબના કામો માટે ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ઓનલાઇન ટેન્ડરો માંગવામાં આવે છે.

અ.નં.	કામનું નામ	રકમ રૂા.
૧.	સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના સને.૨૦૨૪-૨૫ની ગ્રાન્ટમાંથી લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં જુદી-જુદી જગ્યાએ આર.સી.સી. રોડ બનાવવાના કુલ-૪ કામ.	૧,૯૧,૯૩,૮૨૦/-

(૧) એજન્સીની પાત્રતા- ઠેકેદારોશ્રીઓનું રજીસ્ટ્રેશન યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ હોવું જોઇએ તથા ટેન્ડર ડોક્યુમેન્ટમાં રાખેલ જોગવાઇ મુજબ (૨) ઓનલાઇન ટેન્ડર ટેકનીકલ બીડ ભરવાની છેલ્લી તારીખ-૦૨/૧૨/૨૦૨૬ (૧૮.૦૦ કલાક સુધી) (૩) ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય ટેન્ડરમાં દર્શાવેલ દસ્તાવેજો રજુ કરવાની તારીખ-૦૨/૧૨/૨૦૨૬ થી તારીખ-૧૦/૧૨/૨૦૨૬ સુધી રજીસ્ટર પોસ્ટ એડીથી મોકલવાની રહેશે. (૪) બાનાની રકમ માટે બાના મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવામાં આવશે નહીં. વધુ વિગતો http://nprocure.com વેબસાઇટ પરથી મેળવી શકાશે. ઓનલાઇન ટેન્ડરમાં તેમજ જાહેરાતમાં જણાવેલ દસ્તાવેજો ઓનલાઇન ટેકનીકલ બીડમાં મુકવાના રહેશે તેમજ તે તમામ દસ્તાવેજો ફીઝીકલ બીડ સાથે રજીસ્ટર પોસ્ટ એડીથી સમયમર્યાદામાં મોકલવાના રહેશે અને ઓનલાઇન સ્કેન કરી મુકેલ દસ્તાવેજો જ માન્ય ગણાશે અને તે મુજબના દસ્તાવેજો ફીઝીકલ બીડમાં મુકેલ હશે તે જ માન્ય રહેશે. ટેન્ડરને મંજુર કે ના મંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રી પાસે અબાધીત રાખેલ છે.

(જીગ્નેશકુમાર બી.પંડ્યા) અધ્યક્ષ, બાંધકામ સમિતિ લુણાવાડા નગરપાલિકા
(સમીરકુમાર આર.મહેતા) કારોબારી અધ્યક્ષ લુણાવાડા નગરપાલિકા
(દિનેશભાઇ એલ.કામોર) ઉપપ્રમુખ લુણાવાડા નગરપાલિકા
(નરેશભાઇ બી.મુનિયા) મુખ્ય અધિકારી લુણાવાડા નગરપાલિકા
(ડો.કિર્તીકુમાર આર.પટેલ) પ્રમુખ લુણાવાડા નગરપાલિકા
તા. ૦૫/૧૧/૨૦૨૬
(માહિતી/ગોધરા/૬૧૩/૨૬)

ઓનલાઈન ટેન્ડરીંગ
માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય
ટેન્ડર નોટિસ નં.૨૦ સને ૨૦૨૬-૨૭
સુધારો નં.૧

કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, તાપી (મા.અને મ.) વિભાગ, વ્યારા, જિલ્લા સેવા સદન, બ્લોક નં.૧૦, બીજો માળ, પાનવાડી, વ્યારા-૩૯૪૬૫૦, જિ.તાપી ફોન નં. ૦૨૬૨૬-૨૨૦૪૧૯ વ્યારાની કચેરીએથી પ્રસિધ્ધ કરવામાં આવેલ નિવિદા નં.૨૦ સને ૨૦૨૬-૨૭, ક્રમ નં.૦૧ અને ૦૨ માં નીચે જણાવ્યા પ્રમાણેનો સુધારો કરવામાં આવે છે. જે સુધારાની નોંધ ઇજારદારશ્રીઓએ લેવી.

ક્રમ	કામનું નામ	અંદાજીત કિંમત	બાનાની રકમ	ટેન્ડર ફી	લાયકાત
૧	ડેવલોપમેન્ટ ઓફ શિવા ટેમ્પલ એટ. કમાલછોડ, જિ.તાપી	૧,૧૦,૩૩,૦૪૮.૯૪	૧,૨૦,૦૦૦/-	૩૬૦૦/-	"સી" કલાસ અને ઉપરના
૨	ડેવલોપમેન્ટ ઓફ શ્રી હનુમાનજી ટેમ્પલ એટ. અંધાત્રી, તા.વાલોડ, જિ.તાપી (કન્સ્ટ્રકશન વર્ક ઓફ કમ્યુનિટી હોલ ટેમ્પલ એન્ડ ઇન્ફ્રાસ્ટ્રકચર)	૧,૫૪,૦૨,૨૧૫.૬૨	૧,૬૦,૦૦૦/-	૩૬૦૦/-	"બી" કલાસ અને ઉપરના

ટેન્ડરના દસ્તાવેજો તા.૧૮/૧૧/૨૦૨૬ દરમિયાન ૧૮.૦૦ કલાક સુધી વેબસાઈટ https://tender.nprocure.com તથા માહિતી ખાતાની વેબસાઇટ www.statetenders.gujarat.in પર જોવા મળશે અને ટેન્ડર દસ્તાવેજ ઓનલાઈન સબમીશનની તા.૧૮/૧૧/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી છે.
ટેન્ડરના તા.૧૯/૧૧/૨૦૨૬ના રોજ અધિક્ષક ઇજનેરશ્રી, સુરત (માયમ) વર્તુળ, સુરતની ચેમ્બરમાં બપોરે ૧૨.૦૦ કલાકે ઓનલાઈન ખોલવામાં આવશે.
ટેન્ડર ફીનાં ડીમાન્ડ ડ્રાફ્ટ, બાના રકમ માટે એફ.ડી.આર. અથવા મુક્તિ પ્રમાણપત્ર, માન્ય નોંધાયેલ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર, ભાગીદાર કરાર વિગેરે ઇલેક્ટ્રોનિક ફોર્મેટથી (સ્કેનીંગથી) રજૂ કરવાનું રહે છે.
ટેન્ડર ફી તથા બાનાની રકમનો મુળ દસ્તાવેજ તા.૧૯/૧૧/૨૦૨૬ થી તા.૨૫/૧૧/૨૦૨૬ દરમિયાન કાર્યપાલક ઇજનેર, તાપી (મા. અને મ.) વિભાગ, વ્યારાનાં સરનામે અને કવર ઉપર કામનું નામ જણાવી રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટ થી પણ અવશ્ય મોકલવું.
વધુ વિગત માટે ઉપરોક્ત વેબસાઈટનો સંપર્ક સાધવા વિનંતી.

કાર્યપાલક ઇજનેર તાપી (માયમ) વિભાગ વ્યારા
ક્રમાંક : માહિતી-સુરત/૮૬૬/૨૦૨૬

બીલીમોરા નગરપાલિકા, બીલીમોરા, જી. નવસારી
જાહેરાત નોટીસ ક્રમાંક : ૩૬/ ૨૦૨૬-૨૭

ભારત સરકારના વન પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ - ૧૯૮૬ હેઠળ તાજેતરમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો - ૨૦૧૬ અધિસુચિત(જાહેર) કરવામાં આવ્યા છે. જે સમગ્ર દેશમાં તા.૦૧/૦૪/૨૦૨૬ થી અસરકારક રીતે અમલમાં આવી ગયેલ છે. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા સિવિલ અપીલ નં.૬૧૭૪/૨૦૨૩ માં તા.૧૯.૦૨.૨૦૨૬, તા.૨૯.૦૪.૨૦૨૬, તા.૦૫.૦૫.૨૦૨૬, તા.૨૫.૦૫.૨૦૨૬ અને તા.૦૩.૦૯.૨૦૨૬ ના રોજથી સદર બાબતે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો - ૨૦૨૬ થયેલ સુધારામાં ચુસ્તપણે પાલન કરવા જણાવેલ, સરકારશ્રીના ઘન કચરા વ્યવસ્થાપનના નિયમોમાં કરવામાં આવેલ મહત્ત્વના સુધારાઓ બીલીમોરા નગરપાલિકાના નોટિસ બોર્ડ પર ઉપલબ્ધ છે.

● દૈનિક ઉત્પન્ન થતાં કચરાનું યોગ્ય રીતે અલગ સંગ્રહ અને નિકાલ સુનિશ્ચિત કરવા માટે નીચે મુજબ ૪(ચાર) પ્રકારનું વર્ગીકરણ ફરજિયાત રીતે અમલમાં મૂકવામાં આવેલ છે.અને સેગ્રિગેશન કચરો ડોર ટુ ડોર ના વાહનમાં ફરજિયાત આપવાનો રહેશે.

૧. ભીનો કચરો - લીલા રંગની ડસ્ટબિન	કિચન વેસ્ટ, ફૂડ વેસ્ટ, શાકભાજી-ફળોનો વેસ્ટ, ફુલ વેસ્ટ, ખાદ્ય પદાર્થ, ગાર્ડન વેસ્ટ વિગેરે (તમામ બાયોડિગ્રેડેબલ વેસ્ટ)
૨. સૂકો કચરો - ભૂરા રંગની ડસ્ટબિન	પ્લાસ્ટિક, પેપર, રબર, વૂડ, મેટલ વિગેરે (રિસાયકલ કરી શકાય તેવો કચરો)
૩. સ્પેશિયલ કેર કચરો (વિશેષ કાળજીવાળો કચરો) - કાળા રંગની ડસ્ટબિન	કાળા રંગની ડસ્ટબિન (વેસ્ટ બેટરી, પેન્સિલ સેલ, બલ્બ, ટ્યુબલાઇટ, એક્સપાયર મેડિસિન, જંતુનાશક દવાના ડબ્બા, તૂટેલા મરક્યુરી થર્મોમીટર, વપરાયેલા સિરીજ નીડલ, કલરના ડબ્બા, ઇલેક્ટ્રોનિક વેસ્ટ વિગેરે (CPCB દ્વારા સમયાંતરે લાગુ કરેલ અન્ય વેસ્ટ)
૪. સેનેટરી કચરો - લાલ રંગની ડસ્ટબિન	ઉપયોગ કરાયેલ ડાયપર, સેનેટરી ટોવેલ, નેપકિન, ટેમ્પોન્સ, કોન્ડમ, બેનડેજ, બેડ પ્રોટેક્શન શીટ વિગેરે

● કચરો ખુલ્લી જગ્યાઓમાં ફેંકવા, જળાશયોમાં, નાળાઓમાં અને ગટરોમાં ફેંકવા, દાટવા અને સળગાવવા પર કાનૂની ગુનો દાખલ થશે.
● સરકારશ્રી દ્વારા પ્રસિદ્ધ આ નિયમો બીલીમોરા શહેરના તમામ રહેણાક એકમો, અને બિનરહેણાક એકમો માટે લાગુ પડશે. જો નામદાર સુપ્રીમ કોર્ટના આદેશનું ઉલ્લંઘન અને નિયમોનું પાલનની અવગણના કરનાર એકમો સામે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ - ૨૦૨૬ ની જોગવાઈઓ મુજબ કાયદા હેઠળ દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી શકે છે.
● ઉપરોક્ત વિગતે જો કોઈ જાહેર જનતાને કે વ્યવસાયિક એકમોને વાંધા/સૂચન હોય તો બીલીમોરા નગરપાલિકા આરોગ્ય શાખામાં તા.૨૬/૧૦/૨૦૨૬ સુધીમાં લેખિત રજૂ કરવા.

બીલીમોરા શહેરને "સ્વચ્છ અને સુંદર" બનાવવાના આ અભિયાનમાં આપનો સહકાર આવશ્યક છે.

તા.૦૬/૧૧/૨૦૨૬
Sd/- સંદીપ ડી. પટેલ ચીફ ઓફિસર બીલીમોરા નગરપાલિકા
Sd/- ધર્મેશભાઈ જી. પટેલ ચેરમેન આરોગ્ય સમિતિ બીલીમોરા નગરપાલિકા
Sd/- પ્રજ્ઞેશભાઈ આર. પટેલ ચેરમેન કારોબારી સમિતિ બીલીમોરા નગરપાલિકા
Sd/- મનિષ બી. પટેલ પ્રમુખ બીલીમોરા નગરપાલિકા
માહિતી/નવસારી/૪૩૨/૨૦૨૬